**બિડાણઃ–** સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ–૧૩૨૦૧૩/૩૭/ મ.૩, તા.૧૮/૦૧/૨૦૧૩

**વિષયઃ–** મહાનગરપાલિકા/ નગરપાલિકાઓની સામાન્ય /મધ્યસત્ર/ પેટા ચૂંટણી–ફેબ્રુઆરી–૨૦૧૩ મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/ કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.

.....................................................................................................................

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/સા.ચૂંટણી/** ૧૨૨૬-૧૨૭૫ /૨૦૧૩, **નવસારી** **તા.૩૧/૦૧/૨૦૧૩** ૦૧/૦૨

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ–** ઉપર મુજબ

**નકલ સવિનય રવાનાઃ–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

**ચૂંટણી**
**આચાર સંહિતા**

ક્રમાંક: ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૧૨૦૧૩–ક
રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૧૨–૦૧–૨૦૧૩

ક્રમાંક. ૨૫૭૭૭

**વિષય:–** મહાનગરપાલિકા / નગરપાલિકાઓની સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણી – ફેબ્રુઆરી– ૨૦૧૩ મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.

**<u>પરિપત્ર</u> :**

૧. આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબની મહાનગરપાલિકા / નગરપાલિકાઓની સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણી તા.૧૦–૦૨–૨૦૧૩ ના રોજ યોજવા રાજય ચૂંટણી આયોગે તા.૧૨–૦૧–૨૦૧૩ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા.૧૨–૦૧–૨૦૧૩ થી આ સંસ્થાઓની ચૂંટણી હેઠળના વોર્ડના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે કરવાનો રહે છે.

**સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૧૯–૦૧–૨૦૧૩ |
| ૨ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૯–૦૧–૨૦૧૩ |
| ૩ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૨૪–૦૧–૨૦૧૩ |
| ૪ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૨૮–૦૧–૨૦૧૩ |
| ૫ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૨૯–૦૧–૨૦૧૩ |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | ૧૦–૦૨–૨૦૧૩ (રવિવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ કલાક |
| ૭ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૧૧–૦૨–૨૦૧૩ |
| ૮ | મતગણતરીની તારીખ | ૧૨–૦૨–૨૦૧૩ |

૨. આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચારસંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક:રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮ (૧)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૨)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૩)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |

KENDRA-1

P.T.O.

જ.ઈ.નં. 936 તા. 29 JAN 2013
એડીએમ–3 શાખા

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૩/૩૭/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૧/૨૦૧૩

પ્રતિ,
વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / કોર્પોરેશન / એજન્સી / કૃષિ યુનિ.ઓ
ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

2 4 JAN 2013

ઉપરોકત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આદેશો રાજય ચૂંટણી આયોગની વેબસાઈટ **sec.gujarat.gov.in** પર મુકેલા છે.

આ આદેશોમાં વિગતવાર ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે સૂચનાઓ કરવામાં આવેલ છે. તેનો અમલ થાય તે જોવા વિનંતી છે.

૪. સબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ મહાનગરપાલિકા / નગરપાલિકાઓની સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણી દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજુર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં :–
   (અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.
   (બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂંક આપી શકાશે નહિ.
   (ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.
   (ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.
   (ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સુચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મુકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સુચનાનો અમલ **તા.૧૨–૦૧–૨૦૧૩** થી (જાહેરાતની તારીખ) થી **તા.૧૨–૦૨–૨૦૧૩** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( પી. એસ. શાહ )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.( માન. મંત્રીશ્રીઓના ધ્યાને મુકવાની વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, જુનાગઢ / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે (ડાંગ સિવાય) (ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સંબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ / રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા, જુનાગઢ / ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકાઓ (સંબંધિત)
- પોલીસ અધિક્ષકશ્રી (સંબંધિત) (ડાંગ સિવાય)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સંબંધિત જિલ્લાઓ )
- રાજય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- માહિતિ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ( જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ )
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

## તા.૧૦–૦૨–૨૦૧૩ ના રોજ યોજાનાર મહાનગરપાલિકા / નગરપાલિકાઓની સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણીની વિગતનું પત્રક

### (અ) નગરપાલિકાઓની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી :–

| અ.નં. | જિલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | નગર પાલિકા નો વર્ગ | કુલ વોર્ડ | અ.નં. | જિલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | નગર પાલિકા નો વર્ગ | કુલ વોર્ડ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | બાવળા | C | ૧ થી ૯ | ૩૯ | ખેડા | મહેમદાવાદ | C | ૧ થી ૯ |
| ૨ | અમદાવાદ | ધંધૂકા | C | ૧ થી ૯ | ૪૦ | ખેડા | મહુધા | D | ૧ થી ૭ |
| ૩ | અમદાવાદ | સાણંદ | C | ૧ થી ૯ | ૪૧ | ખેડા | ચકલાસી | C | ૧ થી ૯ |
| ૪ | અમરેલી | ચલાલા | D | ૧ થી ૭ | ૪૨ | ખેડા | ખેડા | D | ૧ થી ૭ |
| ૫ | અમરેલી | રાજુલા | C | ૧ થી ૯ | ૪૩ | ખેડા | ડાકોર | D | ૧ થી ૭ |
| ૬ | અમરેલી | લાઠી | D | ૧ થી ૭ | ૪૪ | નવસારી | વિજલપોર | B | ૧ થી ૧૨ |
| ૭ | અમરેલી | જાફરાબાદ | C | ૧ થી ૯ | ૪૫ | નવસારી | બિલીમોરા | B | ૧ થી ૧૨ |
| ૮ | આણંદ | કરમસદ | C | ૧ થી ૯ | ૪૬ | પંચમહાલ | હાલોલ | C | ૧ થી ૯ |
| ૯ | આણંદ | ઓડ | D | ૧ થી ૭ | ૪૭ | પંચમહાલ | કાલોલ | D | ૧ થી ૭ |
| ૧૦ | આણંદ | બોરીયાવી | D | ૧ થી ૭ | ૪૮ | પંચમહાલ | લુણાવાડા | C | ૧ થી ૯ |
| ૧૧ | આણંદ | આંકલાવ | D | ૧ થી ૭ | ૪૯ | પંચમહાલ | સંતરામપુર | D | ૧ થી ૭ |
| ૧૨ | આણંદ | વલ્લભવિદ્યાનગર | C | ૧ થી ૯ | ૫૦ | પાટણ | હારીજ | D | ૧ થી ૭ |
| ૧૩ | બનાસકાંઠા | ધાનેરા | D | ૧ થી ૭ | ૫૧ | પાટણ | ચાણસ્મા | D | ૧ થી ૭ |
| ૧૪ | બનાસકાંઠા | થરાદ | D | ૧ થી ૭ | ૫૨ | પાટણ | રાધનપુર | C | ૧ થી ૯ |
| ૧૫ | ભાવનગર | ગારીયાધાર | C | ૧ થી ૯ | ૫૩ | પોરબંદર | છાયા | C | ૧ થી ૯ |
| ૧૬ | ભાવનગર | ગઢડા | C | ૧ થી ૯ | ૫૪ | પોરબંદર | રાણાવાવ | C | ૧ થી ૯ |
| ૧૭ | ભાવનગર | શિહોર | C | ૧ થી ૯ | ૫૫ | પોરબંદર | કુતિયાણા | D | ૧ થી ૭ |
| ૧૮ | ભાવનગર | તળાજા | C | ૧ થી ૯ | ૫૬ | રાજકોટ | ઉપલેટા | B | ૧ થી ૧૨ |
| ૧૯ | દાહોદ | ઝાલોદ | C | ૧ થી ૯ | ૫૭ | રાજકોટ | જસદણ | C | ૧ થી ૯ |
| ૨૦ | દાહોદ | દે.બારીયા | D | ૧ થી ૭ | ૫૮ | રાજકોટ | ધોરાજી | B | ૧ થી ૧૨ |
| ૨૧ | ગાંધીનગર | માણસા | C | ૧ થી ૯ | ૫૯ | રાજકોટ | જેતપુર | A | ૧ થી ૧૪ |
| ૨૨ | જામનગર | દ્વારકા | C | ૧ થી ૯ | ૬૦ | રાજકોટ | ભાયાવદર | D | ૧ થી ૭ |
| ૨૩ | જામનગર | ભાણવડ | D | ૧ થી ૭ | ૬૧ | સાબરકાંઠા | ઈડર | C | ૧ થી ૯ |
| ૨૪ | જામનગર | જામ–જોધપુર | D | ૧ થી ૭ | ૬૨ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | C | ૧ થી ૯ |
| ૨૫ | જામનગર | કાલાવડ | D | ૧ થી ૭ | ૬૩ | સાબરકાંઠા | પ્રાંતિજ | D | ૧ થી ૭ |
| ૨૬ | જામનગર | ધ્રોલ | D | ૧ થી ૭ | ૬૪ | સાબરકાંઠા | તલોદ | D | ૧ થી ૭ |
| ૨૭ | જામનગર | સલાયા | C | ૧ થી ૯ | ૬૫ | તાપી | સોનગઢ | D | ૧ થી ૭ |
| ૨૮ | જુનાગઢ | કોડીનાર | C | ૧ થી ૯ | ૬૬ | વડોદરા | કરજણ | C | ૧ થી ૯ |
| ૨૯ | જુનાગઢ | માંગરોળ | B | ૧ થી ૧૨ | ૬૭ | વડોદરા | છોટાઉદેપુર | D | ૧ થી ૭ |
| ૩૦ | જુનાગઢ | માણાવદર | C | ૧ થી ૯ | ૬૮ | કચ્છ | ભચાઉ | C | ૧ થી ૯ |
| ૩૧ | જુનાગઢ | બાંટવા | D | ૧ થી ૭ | ૬૯ | કચ્છ | રાપર | D | ૧ થી ૭ |
| ૩૨ | જુનાગઢ | ચોરવાડ | D | ૧ થી ૭ | ૭૦ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર–દુધરેજ | A | ૧ થી ૧૪ |
| ૩૩ | જુનાગઢ | વિસાવદર | D | ૧ થી ૭ | ૭૧ | સુરેન્દ્રનગર | હળવદ | D | ૧ થી ૭ |
| ૩૪ | જુનાગઢ | વંથલી | D | ૧ થી ૭ | ૭૨ | સુરેન્દ્રનગર | થાનગઢ | C | ૧ થી ૯ |
| ૩૫ | મહેસાણા | વડનગર | C | ૧ થી ૯ | ૭૩ | વલસાડ | પારડી | C | ૧ થી ૯ |
| ૩૬ | મહેસાણા | વિજાપુર | D | ૧ થી ૭ | ૭૪ | વલસાડ | ધરમપુર | D | ૧ થી ૭ |
| ૩૭ | મહેસાણા | ખેરાલુ | D | ૧ થી ૭ | ૭૫ | વલસાડ | વલસાડ | A | ૧ થી ૧૪ |
| ૩૮ | ખેડા | બાલાસિનોર | C | ૧ થી ૯ | | | મધ્યસત્ર | | |
| | | | | | ૭૬ | જુનાગઢ | તાલાલા | D | ૧ થી ૭ |

P.T.O.

(બ) મહાનગરપાલિકાની પેટા ચૂંટણી :-

| અ.નં. | જિલ્લો | મહાનગર પાલિકાનું નામ | વોર્ડનંબર | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | જુનાગઢ | ૩ | સામાન્ય મહિલા |
| ૨ | જુનાગઢ | જુનાગઢ | ૩ | સામાન્ય |

(ક) નગરપાલિકાઓની પેટા ચૂંટણી :-

| અ.નં. | જિલ્લો | નગરપાલિકાનું નામ | ન.પા.નો વર્ગ | વોર્ડનંબર | બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | રાવલ | D | ૩ | સામાન્ય |
| ૨ | જામનગર | રાવલ | D | ૪ | સામાન્ય |
| ૩ | બનાસકાંઠા | પાલનપુર | A | ૮ | સામાન્ય |
| ~~૪~~ | ~~બનાસકાંઠા~~ | ~~ડીસા~~ | ~~B~~ | ~~૨~~ | ~~સામાન્ય~~ |
| ૫ | ગાંધીનગર | પેથાપુર | D | ૭ | સામાન્ય સ્ત્રી |
| ૬ | મહેસાણા | કડી | B | ૬ | સામાન્ય |
| ૭ | મહેસાણા | કડી | B | ૫ | સામાન્ય સ્ત્રી |
| ૮ | નવસારી | ગણદેવી | D | ૩ | સામાન્ય |
| ૯ | સુરેન્દ્રનગર | ચોટીલા | D | ૪ | સામાન્ય |
| ૧૦ | સુરેન્દ્રનગર | પાટડી | D | ૪ | અનુસૂચિત જાતિ |
| ૧૧ | ખેડા | ઠાસરા | D | ૬ | સામાન્ય |
| ૧૨ | કચ્છ | ભુજ | A | ૧૨ | સામાન્ય |
| ૧૩ | સાબરકાંઠા | મોડાસા | B | ૬ | સામાન્ય સ્ત્રી |
| ૧૪ | સાબરકાંઠા | મોડાસા | B | ૮ | સામાન્ય સ્ત્રી |
| ૧૫ | આણંદ | બોરસદ | B | ૮ | સામાન્ય |

## ચૂંટણીનો કાર્યક્રમ

| અ.નં. | ચૂંટણીના તબક્કાની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની નોટિસ / જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૯-૦૧-૨૦૧૩ |
| ૨ | ચૂંટણી અધિકારીએ ચૂંટણી નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૯-૦૧-૨૦૧૩ |
| ૩ | ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૨૪-૦૧-૨૦૧૩ |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૨૮-૦૧-૨૦૧૩ |
| ૫ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૨૯-૦૧-૨૦૧૩ |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | ૧૦-૦૨-૨૦૧૩<br>(રવિવાર)<br>સવારના ૮-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક |
| ૭ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૧૧-૦૨-૨૦૧૩ |
| ૮ | મત ગણતરીની તારીખ | ૧૨-૦૨-૨૦૧૩ |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૨-૦૧-૨૦૧૩

(પી. એસ. શાહ)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર